- બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન–૨૦૨૫માં ઝોન કક્ષાના વિજ્ઞાન મેળામાં જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનના વિભાગ–૫ માં શાળાની ધો. ૯-અ ની વિદ્યાર્થીનીઓએ Automatic Plant Watering System પર પોતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો.

## જિલ્લા કક્ષાએ

- VTV News દ્વારા જાગૃત પત્રકારત્વના ભાગ રૂપે સમગ્ર ભરૂચ જિલ્લાની સશકત મહિલ અગ્રણીઓનું સન્માન આયોજિત કરવામાં આવ્યું. જેમાં TOP ACHIEVER WOMAN OF BHARUCH એવોર્ડ અંતર્ગત "BEST TEACHER" કેટેગરીમાં શાળાના આચાર્યા શ્રીમતિ બિનીતાબેન ગોહિલને સન્માનિત કરવામાં આવ્યા.
- વિકસિત ગુજરાત–૨૦૪૭ ની થીમ આધારિત GCERT આયોજિત કલા ઉત્સવમાં ધો. ૧૦-બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશી જે. એ પ્રથમ ક્રમ મેળવ્યો જેમને રૂા. ૧૦૦૦નું રોકડ પુરસ્કાર મળ્યું સાથે તેઓ ઝોન કક્ષાએ ભાગ લેવા પસંદગી પામ્યા.
- રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક મહોત્સવ દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં મહત્તમ ભાગ લઇને અલગ-અલગ કૃતિઓમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી ઝોન કક્ષાએ ભાગ લેવા પસંદગી પામ્યા છે.
- રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક મહોત્સવ અંતર્ગત કલા મહાકુંભ સ્પર્ધાની લગ્નગીત, દુહા-છંદ-ચોપાઇ, લોકવાદ્ય જેવી કૃતિઓમાં ધો. ૧ થી ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા અને રોકડ પુરસ્કાર મેળવેલ છે.
- ખેલ મહાકુંભ અંડર-૧૭ માં ધો. ૮-બ ની વિદ્યાર્થીની વસાવા સાક્ષી મહેશભાઇ ૪૦૦ મી. દોડ સ્પર્ધા અને ૮૦૦ મી. દોડ સ્પર્ધામાં ભાગ લઇ પ્રથમ ક્રમ હાંસિલ કર્યો. જેઓ રાજયકક્ષાએ ભાગ લેવા જશે.
- જિલ્લા કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો, સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત પરીક્ષાઓ, સ્ટેમ ક્વીઝ સ્પર્ધાઓ, નેશનલ સાયન્સ સેમિનાર, SGFI, જિલ્લાની વિવિધ સ્તરીય પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઇ આગળ વધતા રહે છે.

## તાલુકા કક્ષા / QDC કક્ષા / SVS કક્ષા

- વિવિધ સ્પર્ધાઓ જેમ કે કલા ઉત્સવ, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન, યુવક મહોત્સવ, કલા મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, SGFI, ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં શાળાના મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લઇ આગળના પડાવ સુધી પહોંચતા રહે છે.
- ખેલમહાકુંભમાં શાળાના મહત્તમ વિદ્યાર્થીઓના ભાગ લેવા બદલ શાળાને તાલુકા કક્ષાએ તૃતીય ક્રમ પ્રાપ્ત થયેલ છે. સાથે શાળાને રૂા. ૧૦,૦૦૦/- નું રોકડ પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે.
- તાલુકા કક્ષા માટે વિવિધ N.G.O., સરકારી કચેરી, નગરપાલિકા વગેરે દ્વારા આયોજિત જાગૃતિ રેલીઓ, ગૌરવ યાત્રા અને અનેક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ રૂચિપૂર્વક જોડાયને શાળાને ધમધમતી રાખતા હોય છે.
- Q.D.C. અને S.V.S. કક્ષાની ઘણી પ્રવૃત્તિઓમાં રોકડ પુરસ્કાર મેળવી વિદ્યાર્થીઓ આગળ વધતા રહે છે. અને પોતાનામાં કૌશલ્યના સીચનની પ્રવૃત્તિ સાથે લગાતાર જોડાતા રહે છે.

## શાળા કક્ષાએ

- વિદ્યાર્થીઓમાં સતત વિચારની પ્રક્રિયા ચાલતી રહે. વિદ્યાર્થીઓ નિતનવું વિચારતા રહે, મૌલિકતા અને સર્જકતા કેળવતા રહે તેવા આશયથી શાળામાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલતી રહે છે, જેના અનુસંધાને વાંચનને વધુ ભાર મળે તે માટે "પુસ્તક બોલે છે", "રામાયણ પઠન" જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સાથે જ "જીત અમારી" પ્રોજેકટ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સફળ વ્યકિતઓનાં જીવનચરિત્ર વિશે રજૂઆતના કાર્યક્રમનું નવું પૃષ્ઠ આ વર્ષ ઉમેરવામાં આવ્યું.